# SACHETA METALS LTD

**(GOVT. RECOGNISED EXPORT HOUSE)**
**MFRR & EXPORTER OF ALU & ST. STEEL KITCHENWARE CUTLERY & HOUSEWARE ITEMS**
**REGD. OFFICE: BLOCK NO. 33, SACHETA UDYOG NAGAR, VILLAGE MAHIYAL, TALOD, SABARKANTHA, PRANTIJ, GUJARAT,383215**
**CORPO. OFF: SEJ PLAZA BLDG, 502/5TH FLOOR, MARVE ROAD, NEAR NUTAN SCHOOL, MALAD WEST, MUMBAI-400064, MAHARASHTRA**
**TEL NO: 00 91 22 28725948 /**
**E-MAIL: sacheta@sacheta.com,WEB SITE: www.sacheta.com**
**CIN NO. L51100GJ1990PLC013784**

**Date:29th July, 2024**

**To,**
**The Listing Department,**
**BSE Limited,**
**P.J. Towers, Dalal Street,**
**Mumbai-400001**

**Security Code: - 531869**

**Sub: Intimation on publication of newspaper advertisement of Unaudited Standalone Financial Results for the quarter ended 30th June, 2024.**

**Ref: Regulation 47(3) read with regulation 46(2)(q) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.**

Dear Sir/Madam,

With reference to captioned subject, please find enclosed copy of newspaper advertisement published in following newspapers (1) Free Press Gujarat (English) and (2) Lok Mitra (Gujarati) dated 28th July, 2024 for declaration of Unaudited Standalone Financial Results of the Company for the quarter ended 30th June, 2024.

The same results are also available on the website of the Company: www.sacheta.com

This is for your information and record.

Thanking you,
Yours faithfully,

**For Sacheta Metals Limited**

Pranav
Satishkumar Shah

Digitally signed by Pranav Satishkumar Shah
DN: c=IN, o=Personal, title=6883,
2.5.4.20=325f077ab1a5598fe4f1920903faf9d440f7e03d9a1dae276c337b85b96f2167, postalCode=400097,
st=Maharashtra,
serialNumber=6c2575714342a18e438d343d42826176cc461b04569a77256b2ef5beb0817791, cn=Pranav Satishkumar Shah
Date: 2024.07.29 14:27:12 +05'30'

**Pranav S. Shah**
**Executive Director**
**DIN:06949685**

# Budget 2024 creates a template for reforms in Modi 3.0



Budgets have long been spectacles of grand announcements and symbolic gestures. One such memorable instance is ND Tiwari's "sindoor budget" of 1988-89 captivated the nation by including tax exemptions on items like sindoor and kajal. This move charmed the public and etched its place in budget folklore. These gestures, designed to win hearts and votes, are now part and parcel of the budget's legacy.

While a budget is technically an account of government receipts and expenditures, it often comes with a flurry of significant announcements. This year's budget highlights five key areas of focus. First and foremost is the ongoing commitment to fiscal discipline, a hallmark of the NDA government over the past decade. The Centre has ambitiously cut its fiscal deficit target for FY25 to 4.9 per cent of GDP, down from 5.1 per cent. Looking ahead, the government aims to further reduce the fiscal deficit to 4.5 per cent or less by FY26, adhering strictly to its proposed fiscal glide path by the financial year 2025-26. This is especially important because government expenditure is the major lever of our economic growth. Sticking to this glide path, especially under these conditions is commendable. Obviously, the enhanced dividend from RBI has been helpful for the government.

Second, this budget mirrors its predecessors by dedicating a hefty Rs 11,11,111 crore, or 3.4 per cent of GDP, to capital expenditure. This investment aims to harness the powerful multiplier effect of infrastructure development. A study by Sukanya Bose and NR Bhanumurthy reveals the capital expenditure multiplier stands at 2.45, far outstripping the transfer payments multiplier of 0.98 and other revenue expenditure multipliers of 0.99.

The budget also incentivises states to carry out capital expenditure and has made provisions for 1.5 lakh crore for long-term interest-free loans. The private sector will also be incentivised through viability gap funding, enabling policies, and a market-based financing framework. Specific initiatives such as Phase IV of the Pradhan Mantri Gram Sadak Yojana (PMGSY) aim to provide all-weather connectivity to 25,000 rural habitations. Significant investments are also allocated for flood mitigation and irrigation projects across Bihar, Assam, Himachal Pradesh, Uttarakhand, and Sikkim, addressing immediate needs and long-term resilience.

Third, a few commentators are highlighting this, but this year's budget has made significant strides in promoting simplification and reducing complexity. Simplifying rules, statutes, and policies reduces complexity, minimises litigation, and enhances both the ease of doing business and living. Streamlined regulations provide clarity and predictability, lowering compliance risks and administrative burdens for businesses and individuals. This fosters a competitive market environment, enabling quicker decision-making and resource allocation towards productive activities like innovation and expansion. For citizens, simplified policies improve access to government services, reduce bureaucratic hurdles, and promote inclusivity by making compliance more straightforward.

The finance minister has proposed a comprehensive review of the rate structure over the next six months to rationalise and simplify it for easier trade, elimination of duty inversion, and reduction of disputes. Further, a few years ago, the government introduced a streamlined tax regime with fewer exemptions. To encourage more taxpayers to adopt this system, the budget has made it more appealing by tweaking the tax slabs and increasing the standard deduction to Rs 75,000. Moreover, the FM has also announced that there will be a comprehensive review of the Income-tax Act, 1961, with the aim to make the Act concise, lucid, easy to read and understand. Furthermore, the rules and regulations for foreign direct investment (FDI) and Overseas Investments will be streamlined to facilitate foreign investments, encourage strategic prioritisation, and promote the use of the Indian Rupee for overseas investments. This is important because simplifying these regulations will attract more foreign investments, help focus resources on key areas, and strengthen the global presence of the Indian Rupee.

Apart from this, the government has also rationalised long-term capital gain tax. The removal of indexation benefits on sale of property will surely lead to simplification. However, one must acknowledge that it would also increase the overall tax liability. This will take a toll on the real estate market. The FM also mentioned the government's intent to enact Jan Vishvas Bill 2.0. It will further promote ease of business and living in India.

Fourth, the spotlight has turned to job creation. Despite the PLFS data indicating record-low unemployment, the government acknowledges the critical need to generate sustainable, high-quality employment opportunities. The Union Budget has prioritized employment generation through a comprehensive "Employment Linked Incentive" (ELI) scheme, which includes three targeted initiatives. Scheme A provides a direct benefit transfer of one-month salary, up to Rs 15,000, to first-time employees in the formal sector, with an estimated reach of 210 lakh youth. Scheme B incentivises additional employment in the manufacturing sector by covering EPFO contributions for both employees and employers over four years, benefiting 30 lakh individuals. Scheme C reimburses employers up to Rs 3,000 per month for EPFO contributions for two years, fostering the employment of 50 lakh additional workers.

Additionally, the budget aims to enhance women's workforce participation through infrastructure support and specialised skilling programmes, and to upgrade 1,000 Industrial Training Institutes under a new skilling initiative targeting 20 lakh youth over five years. Lastly, revised Skilling Loans and new Education Loans are introduced to support skill development and higher education, benefiting 25,000 and 1 lakh students annually, respectively. Fifth, this budget has reform orientation and creates a template for reforms in Modi 3.0, targeting next-generation economic enhancements to stimulate high growth and employment. It delineates a multi-faceted approach to improving the productivity of land, labour, capital, entrepreneurship, and leveraging technology.

Land reforms focus on digitizing cadastral maps, establishing land registries, and implementing GIS-based property record systems, thereby enhancing land administration and urban financial health.

## Budget 2024 lays blueprint for Viksit Bharat: Centre is facilitator, private sector, MSMEs drivers of growth



There is a subliminal message from the budget speech of Finance Minister Nirmala Sitharaman on Tuesday — the central government hereafter would be loath to shell out money either as grants or investments but more than willing to incentivise, nudge and guarantee. Thus, both the NDA allies JD(U) and TDP have been told that the central government would play the role of the facilitator should both Bihar and Andhra, vociferous in demanding special economic status, approach multilateral financial institutions like the World Bank or the Asian Development Bank for long-term loans to fund their mammoth infrastructure projects. This is trite to say that such loans attract much lower interest rates than the ones charged by the domestic institutions. The central government would obviously stand guarantee for such loans perhaps on the back of guarantee fees. Remember many foreign banks operating in India earn sizable income from giving letters of credit or bank guarantees typically 1 per cent of the non-fund-based credit thus extended.

Of course, they have to be prepared for stepping in when there is a default but the chances of that happening are as low as insurance claims. It seems the bankers' model has been borrowed by the central government insofar as meeting persistent requests for central assistance by states is concerned. Similarly, the government has told the youth subtly that government jobs will not be provided on a scale that was the plank of the INDI alliance in the recent Lok Sabha elections. Direct Benefit Transfer of one-month salary in three installments up to Rs 15,000 to first-time employees registered in Employees' Provident Fund Organisation (EPFO) has been proposed in the budget. Likewise, employers too would be

# Save the Cows Save the Planet



**Vinod Chandrashekhar Dixit**
Free-lance Journalist, Writer & Cartoonist
**(dixitpatrakar@yahoo.in)**

Of course, the cow has long had a place in Indian politics: the country's constitution includes a provision explicitly urging a gradual movement toward full prohibition of cow slaughter - a ban that has already been implemented in most states. The cow was possibly revered because humans are relied heavily on it for dairy products and for tilling the fields, and on cow dung as a source of fuel and fertilizer. Cow protection was a significant part of the freedom movement, championed by a person no less than Mohandas Gandhi himself. Mahatma Gandhi said "Cow protection to me is not mere protection of the cow. It means protection of that lives and is helpless and weak in the world." Reverence for cows is in the major texts of the Vedic religion. Mahatma Gandhi said that "I worship it and I shall defend its worship against the whole world," Gandhi regarded Cow better than the earthly mother, and called her "the mother to millions of Indian mankind." Cow protection has become a highly politicized core of the Hindu religion. Killing and maiming innocent animals for human consumption is the most irreligious, immoral and lowest human act. Indians have reasoned that killing a cow is like killing your own mother. In India, the cow is considered holy, and many devout Hindus devote themselves to protecting cows from slaughter and abuse - sometimes with violent results. Cow protection didn't become India's top political issue in 2017 overnight. There is a strong history and background to it that allows the BJP to garner such widespread public support while championing the bovine cause. Cow vigilante groups have become increasingly active in many parts of India. Rather than encouraging these cow vigilantes to take law into their hands, the government should strictly enforce laws so that no such illegal transportation or cow slaughter occurs in the first place. Animal slaughtering is wrong as they are also sentient beings and feel as much pain as we humans do. Not just cows but all the animals should be protected and not murdered to merely satisfy our taste buds.

Breaking his silence on cow vigilantes in the country our PM Modi has rightly condemned their actions, saying most of them were anti-social elements masquerading as gau rakshaks (cow protectors). India has 150 million cows today, giving an average of less than 200 litres of milk per year. The cow has been a symbol of wealth in India since ancient times. However, they were neither inviolable nor revered in the same way today. Now a days, it has been slaughtered in large numbers. Commercial benefits are not the only criteria in a human life. Cow-based farming has been the backbone of our agriculture for centuries. The cow is very much attached to the sentiment and the cultural traditions of the people. It is to be remembered that cow is the back-bone of Indian economy. India was golden bird until cow was base of agriculture. It is our duty to inform the poorly informed the bad consequences of animal slaughter for human consumption. We can call the cow our mother. It's not our duty to protect our mother? It is nice that the government runs several goshalas, shelters for old cattle, across the country, but these are too few and are not governed by serious norms. Government must put a check on the people who are running shops in the name of cow protection which welcomes donations and outside help in the name of cow protection. We need to spread awareness about the cow and its many uses. **(B-15 Jyoti-Kalash Society, Jodhpur Tekra, Satellite, Ahmedabad - 380 015)**

# Constructive welfare and not sops is the mantra for Viksit Bharat

Is it a good budget? Yes. It has gone into a lot of detail to strengthen the base for its thrust areas. Is it a big-bang, pathbreaking budget? No. The government has fixed its eye on Viksit Bharat in 2047 and wants to grow steadily at 7 per cent year-on-year in order to get there. It also, therefore, needs to build strong and painstaking foundations.

The budget has tinkered with capital gains tax, which opens up the scope to continue doing so in future budgets under this government of Modi 3.0. This could be a source of worry, but for the moment, it is not substantial enough in a strong bull market.

The fiscal deficit, a key measure of a country's financial health that was earlier expected to be at 5.1 per cent, is expected to end the year at 4.9 per cent of GDP. The government has used its additional revenues from the Reserve Bank of India (RBI), apparently to bring down the fiscal deficit rather than splurge it on other things.

According to Finance Minister Nirmala Sitharaman, the total budgeted expenditure is Rs 49.21 lakh crores. GST collections and other receipts, apart from borrowings, are at 32.07 lakh crores. Based on this solid performance, the next-year fiscal deficit target has been set at 4.5 per cent.

This fiscal deficit figure of 4.9 per cent is not only commendable but will be welcomed by foreign institutional investors, foreign direct investors, and international lending and rating agencies. The likelihood



of greater foreign investment flows can now be anticipated. The corporate tax on foreign companies has been brought down from 40 per cent to 35 per cent, on par with Indian domestic companies, for whom it was brought down earlier. This too will no doubt find favour and should attract further foreign investment. No populist measures to speak of have been introduced, though there is a concentration on the rural sector with a view to reforming it. This shows great confidence on the part of the government in the first budget of its third term.

It has been careful to introduce a slew of investment measures for coalition partners in Bihar and Andhra Pradesh. The recently won state of Orissa has also received development proposals in the budget. All three plus Jharkhand are clubbed under the government's new East development effort. Bank branches, meanwhile, are to be opened all over the North East. Instead of give-aways and sops, there are a plethora of enabling measures to improve farm income, young person skilling, and a biggish internship programme to open up new employment avenues.

The infrastructure allocation of Rs 11.1 lakh crores, estimated at 3.4 per cent of GDP, has been maintained unchanged from the interim budget before the general elections in 2024. It hasn't been increased, but there are only eight months left in this financial year. The fact that this number is kept steady underpins the continuity of policy, and the target of 7 per cent in GDP also going forward. The slight enhancements to the contours of the personal income tax will please the middle class. The standard deduction has been enhanced from Rs 50,000 to Rs 75,000. The tax slabs have been tweaked a little, which will result in a reduction of under Rs 20,000 (Rs 17,500) in tax for some people.

On the stock markets, the short-term capital gains tax on equity has been increased from 15 per cent to 20 per cent. The long-term capital gains tax has been enhanced from 10 per cent to 12.5 per cent. The exemption on profit made has been increased from

**WESTERN RAILWAY-AHMEDABAD**

**CONSTRUCTION OF NEW LINE**

**E-Tender Notice No.** DYCEC2ADIBHNDHOLERA1 **(TWO PACKET).** Deputy Chief Engineer (Construction)-II, Western Railway, Ahmedabad for and on behalf of President of Union of India invites E-Tender for the following work: **(1) Name of work with its location:** Construction of New Line between Bhimnath from ch.: 0.00 m (existing Km from ADI:144.508) including Ch. - 1084.342 m to Dholera Logistic Hub up to Ch.:21510.869 m including Y connection at Bhimnath, covering all Civil Engineering works (i.e. Earthwork, Blanketing, Side Drains, Retaining Wall, Trolley Refuges, Construction of All Major/Minor Bridges, RUBs/LHS, Complete Track works (lying and linking), Tamping of Track, Destressing of LWRs, Transportation of P.way Materials, Supply and stacking of Ballast and Other Civil Engineering works (complete work) of Bhavnagar Division on Western Railway. (TWO PACKET) **(2) Approximate Cost of Work:** ₹ 252,19,60,179.17/- **(3) Earnest money to be deposited:** ₹ 100,00,000.00/- **(4) Tender form fees:** Nil **(5) Completion period of work:** 24 months (Twenty Four Months) including monsoon. **(6) Date and submission of bid:** 17-08-2024 upto 11:00 Hrs. **(7) Website particulars Notice Board location where complete details of tender can be seen and address of the office: Website:** www.ireps.gov.in Office of Dy.Chief Engineer (Construction)II, Western Railway, 2nd Floor, 'C' Wing, Nirman Bhavan, Nr. DRM office, Asarva, Ahmedabad-382 345.

CPM-029

Like us on: facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly

**SACHETA METALS LIMITED**

**CIN: L51100GJ1990PLC013784**

**Regd. Office : Block No. 33 Sacheta Udyog Nagar, Vill: Mahiyal, Tal: Talod, Dist: Sabarkantha, Gujarat 383215**

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2024**

(Rs. in Crores)

| SR. NO. | PARTICULARS | QUARTER ENDED 30.06.2024 Unaudited | PRECEEDING QUARTER ENDED 31.03.2024 Audited | CORRESPONDING QUARTER ENDED 30.06.2023 Unaudited | CURRENT YEAR ENDED 31.03.2024 Audited |
|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 16.84 | 17.23 | 19.57 | 75.30 |
| 2 | Profit/ (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items) | 0.48 | 1.19 | 0.44 | 2.64 |
| 3 | Profit/ (Loss) for the period before Tax (after Exceptional and/ or Extraordinary items) | 0.48 | 1.19 | 0.44 | 2.64 |
| 4 | Net Profit/(Loss) for the period after Tax (after Exceptional and/ or Extraordinary items) | 0.34 | 0.87 | 0.33 | 1.96 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 0.34 | 0.87 | 0.33 | 1.96 |
| 6 | Equity Share Capital | 25.00 | 25.00 | 19.13 | 25.00 |
| 7 | Reserves (excluding Revaluation Reserve as shown in the Balance sheet of previous year) | - | - | - | 25.23 |
| 8 | Earning Per Share (of Rs. 10/- each) (for continuing and discountinued operations) | | | | |
| | Basic : | 0.14 | 0.39 | 0.17 | 0.87 |
| | Diluted : | 0.14 | 0.39 | 0.17 | 0.87 |

Note
1 The above is an extract of unaudited financial results for the quarter ended 30th June, 2024. The financial results were reviewed and recomended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at its meeting held on 27th July 2024.
2 The Statement has been prepared in accordance with Indian Accounting Standards ('Ind AS') prescribed under section 133 of the Companies Act,2013 and in terms of Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (SEBI Regulations).
3 The Company operates in one segment i.e. manufacturing of alluminium products.
4 The limited review as required under Regulation 33 of the SEBI (LODR) Regulations 2015 has been completed by the auditors of the Company.
5 Previous period's figures have been regrouped wherever neccesary to confirm to the current period's classification.

Place: Talod
Date: 27-07-2024

For Sacheta Metals Ltd
Sd/-
Satishkumar K. Shah
Managing Director
DIN: 00237283

**WESTERN RAILWAY - RAJKOT DIVISION**

**SIGNALING WORK**

**E-Tender Notice No.** DRM-RJT-24-25-SnT-E-01R1. Dt.22-07-2024 **Tender No. DRM-RJT-24-25-SnT-E-01R1. Dt.22-07-2024. Name of Work:** Rajkot Division - Signalling Work in connection with Providing LHS/RUB at LC No.169, 174, 231, 254, 267 and 272 under DEN (W) - Rajkot jurisdiction. **Tender Cost:** ₹ 83,24,529.57 (Rs. Eighty Three Lakh Twenty Four Thousand Five Hundred Twenty Nine and Fifty Seven Paisa Only) **Earnest Money Deposit:** ₹ 1,66,500/- (Rs. One Lakh Sixty Six Thousand Five Hundred Only) **Tender Form Fee:** ₹ 00.00 As per Para-3, GCC-July-2022 **Last Date and Time for online apply:** on Date 21-08-2024 up to 15:30 hours. **Address of the Office:** Divisional Railway Manager (S&T), Western Railway, Kothi Compound, Rajkot-360 001. Website particular: www.ireps.gov.in

RJT-066

Follow us on: twitter.com/WesternRly

**WR EXTENDS TRIPS OF EIGHT PAIRS OF SPECIAL TRAINS**

| Train No. | From | To | Day of Run | Extended Upto |
|---|---|---|---|---|
| 05054 (unreserved) | Bandra Terminus | Gorakhpur | Saturday | 31.08.24 |
| 05053 (unreserved) | Gorakhpur | Bandra Terminus | Friday | 30.08.24 |
| 09207 | Bandra Terminus | Bhavnagar Terminus | Friday | 30.08.24 |
| 09208 | Bhavnagar Terminus | Bandra Terminus | Thursday | 29.08.24 |
| 09059 | Surat | Brahmapur | Wednesday | 27.11.24 |
| 09060 | Brahmapur | Surat | Friday | 29.11.24 |
| 09007 | Valsad | Bhiwani | Thursday | 29.08.24 |
| 09008 | Bhiwani | Valsad | Friday | 30.08.24 |
| 03110 | Vadodara | Sealdah | Thursday | 26.09.24 |
| 03109 | Sealdah | Vadodara | Tuesday | 24.09.24 |
| 09493 | Ahmedabad | Patna | Sunday | 25.08.24 |
| 09494 | Patna | Ahmedabad | Tuesday | 27.08.24 |
| 09425 | Sabarmati | Haridwar | Mon & Fri | 29.11.24 |
| 09426 | Haridwar | Sabarmati | Tue & Sat | 30.11.24 |
| 09321 | Dr. Ambedkar Nagar | Shri Mata Vaishno Devi Katra | Mon, Wed, Sat | 30.11.24 |
| 09322 | Shri Mata Vaishno Devi Katra | Dr. Ambedkar Nagar | Tue, Thu, Sun | 01.12.24 |

The booking for the extended trips of Train Nos. 09207, 09208, 09059, 09007, 03110, 09493, 09425 & 09321 will open from 29th July, 2024 at all PRS Counters and on IRCTC website.
For detailed information regarding timings of halts and composition, passengers may please visit www.enquiry.indianrail.gov.in.

The above train will run as Special Train on Special Fare.

WESTERN RAILWAY
www.wr.indianrailways.gov.in
Like us on: facebook.com/WesternRly • Follow us on: X.com

PLEASE CARRY ORIGINAL ID PROOF FOR ALL RESERVED TICKETS

# સંપાદકીય

## સમાધાન પર ભાર

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમને સતત સાતમી વખત બજેટ રજૂ કરીને વિક્રમ સ્થાપિત કરી દીધો અને સમગ્રતામાં તેમના બજેટને સમાધાન તરફ જોતું મહત્ત્વાકાંક્ષી બજેટ કહી શકાય. જો આપણે આમ આદમીની વાત કરીએ તો ઘણા લોકોને લગભગ લાભ થયો છે, જ્યારે કેટલાક વર્ગની આશાઓ ફળીભૂત નથી થઈ. જો આવકવેરાની દૃષ્ટિએ જોઈએ તો જૂના માળખાવાળા લોકોને નિરાશા હાથ લાગી છે, પરંતુ નવા આવકવેરા માળખાના લોકોને થોડો લાભ થયો છે. હવે એ સંદેશ બહુ સ્પષ્ટ છે કે નવા કર માળખાવાળા લોકોની સંખ્યા વધી રહી છે અને સરકાર એવું જ ઈચ્છે છે. કહી શકાય કે નોકરિયાત લોકોને આવકવેરામાં વધુ રાહતની આશા હતી, પરંતુ સરકાર પોતાની રાજસ્વ જરૂરિયાતો આગળ લાચાર દેખાઈ. તે ખુદ ઈચ્છે છે કે વધુને વધુ લોકો નોકરિયાત વર્ગમાં સામેલ થાય, જેથી રાજસ્વ વધે. સરકારની આ જ મંશા તેના રોજગાર વધારવાના પ્રયાસોમાં દેખાય છે. એક મોટો બદલાવ એ છે કે જ્યાં પહેલાં એનડી સરકારનું સ્વરોજગાર પ્રત્યે વધારે જોર હતું, ત્યાં જ હવે તેનું શુદ્ધ રોજગાર પર ધ્યાન છે.

બેરોજગારીને સંબોધિત કરતું આ બજેટ ત્રણ યોજનાઓ અંતર્ગત રોજગાર વધારવા માગે છે. યુવાઓને સંગઠિત ક્ષેત્રમાં નોકરી મળનારું પહેલું વેતન સરકાર આપશે. તે ઉપરાંત રોજગાર સર્જન કરનારી કંપનીઓને પ્રોત્સાહન મળશે. કંપનીઓને લાભ થશે, તો તેનાથી રોજગારમાં વૃદ્ધિ થશે. બીજી વાત, દેશના બુનિયાદી માળખામાં મોટા પાયે ખર્ચની વ્યવસ્થા કરવામાં આવી છે, તો તેનાથી પણ રોજગારમાં વધારો થશે. વિશેષ રૂપે બિહાર, ઝારખંડ, આંધ્ર પ્રદેશમાં સરકાર મોટા પાયે રોકાણ કરવા જઈ રહી છે. કેન્દ્ર સરકાર બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્ર પ્રદેશના સર્વાંગી વિકાસ માટે પૂર્વોદય નામે યોજના બનાવી. મતલબ, આ રાજ્યોમાં રોજગાર વધવો નક્કી છે. સકલ ઘરેલુ ઉત્પાદનના ૩.૪ ટકા બુનિયાદી માળખાના વિકાસ પર ખર્ચ થશે. ગ્રામીણ વિક્સા માટે ૨.૬૬ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવાની જોગવાઈ છે. નાણાં મંત્રીએ સ્પષ્ટ કહ્યું છે કે સરકાર પૂર્વી ક્ષેત્રમાં વિકાસ માટે એક ઔદ્યોગિક કોરિડોરના નિર્માણનું સમર્થન કરશે. પછાત ક્ષેત્રોમાં સડકોની જાળ બિછાવવી આગામી દરેક બજેટમાં પ્રાથમિકતા હોવી જોઈએ. જોકે આ બજેટ ફેબ્રુઆરીમાં રજૂ થયેલ વચગાળાના બજેટનો જ વિસ્તાર છે, પરંતુ તેના લ-ય કંઈક વધુ સ્પષ્ટ છે. આ વર્ષે અને આવનાર વર્ષો માટે નવ પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે - ખેતીમાં ઉત્પાદકતા અને લચીલાપણું, રોજગાર અને કૌશલ, સમાવેશી માનવ સંસાધન વિકાસ અને સામાજિક ન્યાય, એમએફજી અને સેવાઓ, શહેરી વિકાસ, ઊર્જા સુરક્ષા, બુનિયાદી માળખું, નવાચાર, સંશોધન અને વિકાસ, અર્થવ્યવસ્થામાં આગામી પેઢીના આર્થિક સુધાર. આગામી પાંચ વર્ષોમાં ૪.૧ કરોડ યુવાઓ માટે સરકારે બે લાખ કરોડ રૂપિયા રાખ્યા છે. મહિલાઓ અને છોકરીઓને લાભ આપતી યોજનાઓ માટે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરવામાં આવી છે. ખેડૂતો અને ખેતીને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. કિફાયતી ગ્રામીણ આવાસની સાથે જ શહેરોમાં આવાસ નિર્માણનું બજેટ પણ વધારવામાં આવ્યું છે. બજેટ પોતાના મકસદમાં સંતુલિત છે, પરંતુ આગળનો રસ્તો એટલો આસાન નથી દેખાતો. દાખલા તરીકે કેપિટલ ગેઈન અને શેર બાયબેક પર લગાવવામાં આવેલ ટેક્સથી શેરબજારના રોકાણકારો નિરાશ છે, મતલબ બજેટથી પર પણ સરકારે સતત અનુકૂળ પગલાં સાથે સક્રિય રહેવું પડશે.

## બેને ગોળ, અન્યોને ખોળ

કેન્દ્રીય નાણાંપ્રધાન નિર્મલા સીતારામને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બજેટ રજૂ કરતી વખતે, તેમના મંત્રાલયે જે રાજકીય સંદર્ભમાં બજેટ તૈયાર કરવાનું હતું તેનો ઉલ્લેખ કર્યો નથી, પણ એમની એ કરમ કઠણાઈ બજેટ પછી ચોતરફ ગાજી રહી છે. ખરેખર એમણે કહી જ દેવું જોઈએ કે બે-બે ટેકેદાર રાજ્યોને બેફામ લ્હાણી કરવા જતા બાકીનાં તમામ રાજ્યોને થઈ રહેલા અન્યાય બદલ અમે ક્ષમા ચાહીએ છીએ. સરકાર ચલાવવા માટે જનતા દળ યુનાઈટેડ અને તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) પર વધતી જતી નિર્ભરતા સાથે, આ બંને પક્ષોની જોહુકમયુક્ત ડિમાન્ડ પૂર્ણ કરવાનું દબાણ પણ વધ્યું હતું. બજેટનો મોટો હિસ્સો બિહાર અને આંધ્રપ્રદેશ સાથે સંબંધિત પ્રોજેક્ટને સમર્પિત કરવામાં આવ્યો છે એ ઈતર રાજ્યો માટે દુઃખદ ઐતિહાસિક ઘટના છે, પરંતુ સીતારામને અગાઉ બજેટ ૨૦૨૧માં જે રાજકોષીય એકત્રીકરણનો માર્ગ નક્કી કર્યો હતો તેને કોઈ મોટું નુકસાન થયું નથી. આ વર્ષે ફેબ્રુઆરીમાં વોટ ઓન એકાઉન્ટમાં રાજકોષીય ખાધને ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના ૫.૧ ટકા સુધી સીમિત કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો, પરંતુ બજેટમાં તેમાં વધારો કરવાને બદલે તેને ૪.૯ ટકા કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, નાણામંત્રીએ વચન આપ્યું હતું કે આગામી વર્ષ સુધીમાં રાજકોષીય ખાધ જીડીપીના ૪.૫ ટકાથી નીચે રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી મળેલા રૂ. ૨.૧ લાખ કરોડના જંગી ડિવિડન્ડને કારણે આંશિક રીતે નાણાંકીય સમજદારીના મોરચે બજેટ વધુ સારું સાબિત થયું છે. સરકારને ફેબ્રુઆરીમાં વચગાળાના બજેટમાં અંદાજ કરતાં લગભગ બમણી રકમ મળી હતી. રાજકોષીય મોરચે સંયમ ચોક્કસપણે દર્શાવવામાં આવ્યો છે પરંતુ તેનાથી ખર્ચની ગુણવત્તાને અસર થવા દીધી નથી. મૂડીખર્ચ અંગે સરકારની પ્રતિબદ્ધતામાં કોઈ ઘટાડો થયો નથી. મહેસૂલ ખર્ચમાં વધારો કુલ ખર્ચ કરતાં થોડો ઓછો રહ્યો છે. રસપ્રદ વાત એ છે કે મૂડી ખર્ચમાં વધારાનો કેટલોક હિસ્સો રાજ્યોને પણ ફાળવવામાં આવશે. જોકે, આ રકમ રાજ્યોને એ શરતે આપવામાં આવશે કે તેઓ આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપતા સુધારા કરે. જોકે, આવી શરતથી કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે પહેલેથી જ તણાવપૂર્ણ સંબંધો વધુ ખરાબ થશે. બીજી તરફ, કેન્દ્ર સરકાર પાસે સુધારાને પ્રોત્સાહન આપવા માટે મર્યાદિત વિકલ્પો છે અને તેમાં કોઈ શંકા નથી કે સરકાર આ તમામ વિકલ્પો અજમાવશે. સરકારી ગેરંટી પૂરતી હોય તેવા કિસ્સામાં સરકાર ભંડોળ ખર્ચવામાં સાવધ રહી છે. રાજ્ય સરકારોને સાથે લાવવા માટે સરકાર નાણાંકીય પ્રોત્સાહનોનો આશરો લઈ રહી છે. આવા વિવેકપૂર્ણ નાણાંકીય વ્યવસ્થાપન સબસિડીના આંકડાઓમાં પણ સ્પષ્ટપણે દેખાય છે. સરકારી ખરીદીમાં ઘટાડો થવાને કારણે ખાદ્ય સબસિડી પર ખર્ચમાં ઘટાડો થયો છે. ભારતના રાજકોષીય અંકગણિતમાં ફૂડ સબસિડી એક મોટી સમસ્યા રહી છે, પરંતુ હવે જીડીપીની ટકાવારી તરીકે તેનો હિસ્સો ધીમે ધીમે ઘટી રહ્યો છે. રોજગારનો અભાવ એ અન્ય એક મોટો રાજકીય અવરોધ છે પરંતુ તેની સાથે ક્યારેય સાવચેતીપૂર્વક વ્યવહાર કરવામાં આવ્યો નથી. બજેટમાં 'ઈન્ટર્નશિપ' યોજનાની જાહેરાત સંપૂર્ણ વિચાર કરીને કરવામાં આવી નથી. જો આ યોજના તેના મૂળ સ્વરૂપમાં લાગુ કરવામાં આવશે, તો તે માનવ સંસાધન નીતિઓ અને ખાનગી ક્ષેત્રમાં ઉથલપાથલનું કારણ બનશે. આનાથી બિનકાર્યક્ષમતા વધશે. આના પર પુનર્વિચાર કરવાની જરૂર પડી શકે છે. બજારે બજેટને હકારાત્મક પ્રતિસાદ આપ્યો નથી. નાણામંત્રીએ લોંગ ટર્મ કેપિટલ ગેઈન પર ટેક્સ ૧૦ ટકાથી વધારીને ૧૨.૫ ટકા કર્યો છે અને શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન પર ટેક્સ પણ ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા કર્યો છે. ફ્યુચર્સ અને ઓપ્શન્સ ટ્રેડિંગ ટ્રાન્ઝેક્શન પર ટેક્સના દરમાં વધારો કરવામાં આવ્યો છે. જોકે, બજારની પ્રતિક્રિયાને ધ્યાનમાં લીધા વિના, આ ફેરફારોનો આધાર મજબૂત છે. બજેટમાં સંરક્ષણવાદી નીતિમાં આંશિક ફેરફારોની પણ જાહેરાત કરવામાં આવી છે, જેને આવકારવી જોઈએ. લગભગ ૫૦ વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી ઘટાડવામાં આવી છે. સીતારામને કસ્ટમ ડ્યુટીને તર્કસંગત બનાવવાનું પણ વચન આપ્યું છે. માત્ર નીચા અને સ્થિર ટેરિફ કારણે જ ભારત વૈશ્વિક પુરવઠા પ્રણાલીનો એક ભાગ બની શકે છે.

# યોગીને કદ પ્રમાણે વેંતરી નાંખવા OBC નેતાઓની ત્રિપુટી મેદાને

ઉત્તર પ્રદેશમાં થોડા સમયની શાંતિ પછી યોગી આદિત્યનાથ વર્સીસ કેશવ પ્રસાદ મૌર્યનો જંગ પાછો શરૂ થયો છે. યોગી સરકારમાં નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય લોકસભાની ચૂંટણીનાં પરિણામો આવ્યાં એ પહેલેથી યોગી કેબિનેટની બેઠકોમાં હાજરી આપતા નથી પણ બહાર રહીને યોગીને ભીંસમાં મૂકવા મથ્યા કરે છે. આ વ્યૂહરચનાના ભાગરૂપે મૌર્યે પોતાની જ સરકારને પત્ર લખીને સરકારના તમામ વિભાગોમાં કોન્ટ્રાક્ટ પર કેટલા કર્મચારીઓ કામ કરે છે અને તેમાં અનામતનું કઈ રીતે પાલન કરાયું છે તેની વિગતો માગી છે.

મૌર્યે ક્યા વિભાગ દ્વારા કેટલા પ્રમાણમાં આઉટસોર્સિંગ કરાય છે અને તેમાં કોને કોન્ટ્રાક્ટ અપાય છે તેની પણ વિગતો માગી છે. મૌર્યે આ પત્ર ઉત્તર પ્રદેશ સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ એપોઈન્ટમેન્ટ એન્ડ પર્સોનલ વિભાગને પત્ર લખીને આ વિગતો માગી છે. આ વિભાગ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના તાબા હેઠળ આવે છે તેથી મૌર્યે યોગીને ભીંસમાં મૂકવા લેટર બોમ્બ ફોડયો છે એ કહેવાની જરૂર નથી.

મૌર્યે આક્ષેપ મૂક્યો છે કે, પોતે ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ વિધાન પરિષદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ડીપાર્ટમેન્ટ ઓફ એપોઈન્ટમેન્ટ એન્ડ પર્સોનલના અધિકારીઓને આ તમામ વિગતો આપવા કહ્યું હતું પણ અધિકારીઓએ મારી વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખી હતી. ૧૫ જુલાઈએ લખનઉની ભાજપ પ્રદેશ કારોબારીમાં યોગી અને મૌર્ય વચ્ચે ભારે તડાફડી થઈ તેના એક દિવસ પહેલાં ૧૫ જુલાઈ, ૨૦૨૪ના રોજ મૌર્યે ફરી પત્ર લખીને વિગતો માગી હતી પણ કશું ના થતાં મૌર્યે ફરી પત્ર ફટકારી દીધો છે.

મૌર્ય પહેલાં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં મંત્રી અને અપના દલનાં નેતા અનુપ્રિયા પટેલે પણ યોગી સરકારને પત્ર લખીને વિગતો માગી હતી. અનુપ્રિયાએ તો સરકાર પર ઓબીસી અને એસસી અનામતના નિયમોની ઐસીતૈસી કરીને કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓની નિમણૂક કરાઈ હોવાનો આક્ષેપ પણ મૂક્યો હતો. યોગી સરકારે અનુપ્રિયા પટેલના પત્રનો જવાબ આપવાની તસદી સુધ્ધાં નહોતી લીધી. એ પછી બીજા ઓબીસી નેતા અને યોગી સરકારના મંત્રી ઓમપ્રકાશ રાજભરે આ જ પ્રકારના પત્ર લખીને અનુપ્રિયાના આક્ષેપોને દોહરાવ્યા હતા. યોગી આદિત્યનાથે રાજભરને પણ જવાબ આપવાની તસદી ના લેતાં હવે કેશવ પ્રસાદ મૌર્યે પોતે આ મુદ્દો ઉઠાવીને પત્ર લખી દીધો છે.

મૌર્ય, અનુપ્રિયા અને રાજભર એ ત્રણેય ઓબીસી નેતા એક જ મુદ્દે મચ્યાં છે તેના પરથી સ્પષ્ટ છે કે, યુપીમાં સવર્ણ નેતા યોગી આદિત્યનાથ સામે ઓબીસી નેતાઓએ મોરચો માંડી દીધો છે. યોગી સામેના આ મોરચાને ભાજપ હાઈકમાન્ડના આશિર્વાદ છે એ કહેવાની પણ જરૂર નથી કેમ કે મૌર્ય, અનુપ્રિયા અને રાજભર ત્રણેય કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની નજીકના નેતાઓ છે. વાસ્તવમાં મૌર્ય, અનુપ્રિયા અને રાજભરે લોકસભાની ચૂંટણી પહેલાંથી જ યોગી સામે મોરચો માંડી દીધો હતો.

મૌર્ય, અનુપ્રિયા અને રાજભરે અમિત શાહ સાથેના નિકટતાનો લાભ લઈને યુપીની લોકસભાની ચૂંટણી માટેની ટિકિટોની વહેંચણીથી માંડીને પ્રચાર સુધીની બાબતોમાં યોગીનો એકડો કાઢી નંખાવ્યો હતો. ભાજપ હાઈકમાન્ડે મૌર્ય, અનુપ્રિયા અને રાજભરની ત્રિપુટીના કહેવા પ્રમાણે ટિકિટોની વહેંચણી કરી અને પ્રચારની કમાન પણ પોતાના હાથમાં રાખી તેનું શું પરિણામ આવ્યું તે સૌની નજર સામે છે. ૨૦૧૯માં યુપીમાં લોકસભાની ૬૨ બેઠકો જીતનારો ભાજપ અત્યારે ૩૩ બેઠકો પર આવી ગયો છે.

મૌર્ય, અનુપ્રિયા અને રાજભરને એમ હતું કે, ઓબીસી મતબેંકના જોરે પોતે ભાજપનો જયજયકાર કરાવી દેશે પણ અખિલેશ યાદવ અને રાહુલ ગાંધીની જોડી સામે એ લોકો સાવ વામણા પુરવાર થયા છે. આ વાતનો સ્વીકાર કરવાની તેમનામાં હિંમત નથી તેથી ભાજપની હાર માટે દોષનો ટોપલો યોગી આદિત્યનાથ પર ઢોળીને તેમને વધેરી નાંખવાના ભાજપ હાઈકમાન્ડના કારસામાં એ લોકો હાથો બની રહ્યા છે.

યોગી સામે આ મોરચો કેમ મંડાયો છે એ પણ કહેવાની જરૂર નથી. ભાજપમાં નરેન્દ્ર મોદી પછી કોણ એ સવાલ ક્યારનોય પૂછાયા કરે છે. એક સમય હતો કે જ્યારે મોદી પછી અમિત શાહ એવું જ મનાતું હતું પણ યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશમાં ભાજપને સળંગ બે વાર જીતાડયું પછી સમીકરણો બદલાઈ ગયાં છે. યોગીની હિંદુવાદી ઈમેજના કારણે ભાજપમાં મોદી પછી યોગી સૌથી લોકપ્રિય નેતા તરીકે ઉભર્યા તેના કારણે હવે તેમને કાપી નાંખવાના કારસા થઈ રહ્યા છે ને એ માટે આ ઓબીસી ત્રિપુટીનો ઉપયોગ કરાઈ રહ્યો છે.

કેશવ પ્રસાદ મૌર્ય ૨૦૧૭માં મુખ્યમંત્રીપદના દાવેદાર હતા પણ અચાનક યોગી ફૂટી નિકળતાં લટકી ગયા હતા તેથી એ અતૃપ્ત આત્મા છે. તેમને લાગે છે કે, અમિત શાહનો હાથ પકડવાથી તેમને મુખ્યમંત્રીપદ મળી જશે. ઓમ પ્રકાશ રાજભર અને અનુપ્રિયા પટેલનો પહેલાં જેવો વટ રહ્યો નથી કેમ કે યોગીએ બધાંને કદ પ્રમાણે વેતરી નાંખ્યા છે. યોગી તો ઓમ પ્રકાશ રાજભર અને દારાસિંહ ચૌહાણને પોતાના મંત્રીમંડળમાં લેવા જ નહોતા માગતા પણ શાહના દબાણના કારણે તેમણે બંનેને મંત્રીમંડળમાં લેવા પડયા હતા. મંત્રીમંડળમાં લેવાયા પછી રાજભરે મૌર્ય સાથે મળીને યોગીને ભીંસમાં મૂકવાની વ્યૂહરચના અમલમાં મૂકી દીધી હતી.

ભાજપ હાઈકમાન્ડ યોગીને હટાવવા ગને તે ઉધામા કરે પણ યોગી મજબૂત નેતા છે. અત્યાર લગી તેમણે જે રીતે ઝીંક ઝીલી છે એ જોતાં તેમને હટાવવા અઘરા છે.

ભાજપની બી ટીમ માયાવતી નબળાં પડતાં અખિલેશ ભાજપને પછાડી ગયા

ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપને મળેલી હાર માટે ભાજપે તેના રીપોર્ટમાં ગમે તે કારણ આપ્યાં પણ ઓબીસી અને દલિત મતદારો ભાજપને બદલે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ તરફ ઢળી ગયા એ મુખ્ય કારણ છે.

અત્યાર સુધી યુપીમાં ભાજપ, અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી અને માયાવતીની બહુજન સમાજ પાર્ટી એમ ત્રિપાંખિયો જંગ રહેતો હતો.

માયાવતી અને અખિલેશની લડાઈનો ભાજપને ફાયદો મળતો. દલિત મતદારોનો ભાજપ વિરોધી વર્ગ માયાવતીની સાથે રહેતો તેથી ભાજપ વિરોધી મતો વહેંચાઈ જતા.

માયાવતી થોડા ઘણા મુસ્લિમ મતો પણ ખેંચી જઈને અખિલેશની મતબેંકમાં ગાબડું પાડી દેતાં. તેના બદલામાં ભાજપે માયાવતી સામેના પતી ગયાં છે અને તેમને મત આપીને પોતાના મત વેડફવા જેવા નથી કેમ કે તેના કારણે ભાજપને ફાયદો થાય છે. આ ચૂંટણીમાં દલિતોના આ વર્ગે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસને મત આપ્યા છે. અખિલેશનો જયજયકાર થઈ ગયો તેનું કારણ દલિત મતદારો છે.

મૌર્યને બેસાડી યુપીમાં સવર્ણ-ઓબીસી-દલિત ધરી રચવાની ભાજપની ગણતરી

ઉત્તર પ્રદેશમાં જ્ઞાતિનાં સમીકરણો અત્યંત પેચીદાં છે. ઉત્તર પ્રદેશમાં ૮૦ ટકા મતદારો હિંદુ અને ૨૦ ટકા મતદારો મુસ્લિમ છે. ભાજપ મુસ્લિમ મતદારો તેને મત આપતા હોવાનો દાવો કરે છે પણ મુસ્લિમ મતદારો સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સાથે છે. વચ્ચે થોડો સમય બસપા સાથે હતા પણ પાછા સપા-કોંગ્રેસ સાથે છે. બાકીના ૮૦ ટકા હિંદુ મતદારોમાં દલિત મતદારો ૨૧ ટકા, સવર્ણ મતદારો ૩૭ ટકા અને ઓબીસી મતદારો ૪૨ ટકા છે.

સવર્ણોમાં ઠાકુર અને બ્રાહ્મણ મુખ્ય છે. સવર્ણ મતદારો મુખ્યત્વે ભાજપ સાથે છે પણ બાકીના ત્રણ મોટા વર્ગ ભાજપ સાથે નથી. આ પૈકી મુસ્લિમો ભાજપ સાથે આવી શકે તેમ નથી તેથી ભાજપ સવર્ણો અને ઓબીસીની ધરી બનાવીને જીતવા માગે છે.

ઓબીસીમાં પણ યાદવો અખિલેશ યાદવ સાથે છે તેથી ભાજપની નજર બાકીની ઓબીસી મતબેંક પર છે. ભાજપ અખિલેશ તરફ વળેલા દલિત મતદારો અને સપાની ઓબીસી મતબેંકમાં ગાબડું પાડવા માગે છે.

યોગી આદિત્યનાથ ઠાકુર એટલે કે સવર્ણ હોવાથી યોગી હશે ત્યાં સુધી ઓબીસી કે દલિતો ભાજપ તરફ નહીં વળે પણ ઓબીસી નેતા કેશવ પ્રસાદ મૌર્ય હોય તો ઓબીસી ભાજપ તરફ વળશે એવું ભાજપની નેતાગીરીને લાગે છે. આ કારણે મૌર્યને ગાદી પર બેસાડવા હાઈકમાન્ડ થનગને છે પણ યોગી મચક નથી આપતા.

મૌર્યે આક્ષેપ મૂક્યો છે કે, પોતે ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ વિધાન પરિષદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ડીપાર્ટમેન્ટ ઓફ એપોઈન્ટમેન્ટ એન્ડ પર્સોનલના અધિકારીઓને આ તમામ વિગતો આપવા કહ્યું હતું પણ અધિકારીઓએ મારી વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખી હતી. ૧૫ જુલાઈએ લખનઉની ભાજપ પ્રદેશ કારોબારીમાં યોગી અને મૌર્ય વચ્ચે ભારે તડાફડી થઈ તેના એક દિવસ પહેલાં ૧૫ જુલાઈ, ૨૦૨૪ના રોજ મૌર્યે ફરી પત્ર લખીને વિગતો માગી હતી પણ કશું ના થતાં મૌર્યે ફરી પત્ર ફટકારી દીધો છે.

મૌર્ય પહેલાં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં મંત્રી અને અપના દલનાં નેતા અનુપ્રિયા પટેલે પણ યોગી સરકારને પત્ર લખીને વિગતો માગી હતી. અનુપ્રિયાએ તો સરકાર પર ઓબીસી અને એસસી અનામતના નિયમોની ઐસીતૈસી કરીને કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓની નિમણૂક કરાઈ હોવાનો આક્ષેપ પણ મૂક્યો હતો. યોગી સરકારે અનુપ્રિયા પટેલના પત્રનો જવાબ આપવાની તસદી સુધ્ધાં નહોતી લીધી. એ પછી બીજા ઓબીસી નેતા અને યોગી સરકારના મંત્રી ઓમપ્રકાશ રાજભરે આ જ પ્રકારના પત્ર લખીને અનુપ્રિયાના આક્ષેપોને દોહરાવ્યા હતા. યોગી આદિત્યનાથે રાજભરને પણ જવાબ આપવાની તસદી ના લેતાં હવે કેશવ પ્રસાદ મૌર્યે પોતે આ મુદ્દો ઉઠાવીને પત્ર લખી દીધો છે.

# ઓલિમ્પિક્સમાં આ વખતે ભારતને છે બહેતરીન પર્ફોર્મન્સની અપેક્ષા

પેરિસ ઓલિમ્પિક્સની ધમાકેદાર શરૂઆતની આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ભારતના ખેલાડીઓ આ વખતે વધુ ગોલ્ડ મેડલ જીતવાની ગણત્રી સાથે મેદાનમાં ઉતરવાના છે. ભારતે અત્યાર સુધીમાં કુલ ૧૦ ગોલ્ડ મેડલ જીત્યા છે. ગોલ્ડ મેડલ જીતવામાં ભારતની હોકી ટીમનું પ્રભુત્વ છે તે સ્પષ્ટ છે, કેમ કે ૧૦માંથી ૮ મેડલ તો એકલા હોકીમાં જ મળેલા છે. ભારતને વ્યક્તિગત સ્તરે પહેલાં અભિનવ બિન્દ્રા (૨૦૦૮) અને પછી નીરજ ચોપરાએ (૨૦૨૦)ગોલ્ડ મેડલ અપાવ્યો છે.

ભારતે ઓલિમ્પિક્સમાં કાપેલી સુવર્ણયાત્રા પર નજર ફેરવીએ. એમ્સ્ટર્ડેમ ખાતે ૧૯૨૮માં ભારતે પુરુષ હોકીમાં હોલેન્ડને ૬-૦થી હરાવીને ગોલ્ડમેડલ જીત્યો હતો. તે ઓલિમ્પિક્સમાં ભારતે કુલ ૨૯ ગોલ કર્યા હતા, જેમાંથી એકલા ધ્યાનચંદે ૧૪ ગોલ કર્યા હતા. તે વર્ષે ગ્રેટ બ્રિટને હોકી ટીમ મોકલી નહોતી. જોગાનુંજોગ ઓલિમ્પિક્સની પહેલાં ભારતે ગ્રેટ બ્રિટનને ૪-૦થી હરાવ્યું હતું. તેના કારણે એવી હવા બની હતી કે ઓલિમ્પિકમાં ભારતના હાથે બ્રિટનને પરાજય મળશે. વૈશ્વિક તખ્તા પર આબરૂ જવાના ડરથી બ્રિટને ટીમ જ નહોતી મોકલી.

૧૯૨૮માં આર્થિક મંદીનું મોજું હોવાને કારણે કેટલાક દેશોએ ઓલિમ્પિકમાં ભાગ લીધો નહોતો. ભારતે હોકીમાં જાપાનને ૧૧-૧થી અને અમેરિકાને ૨૪-૧થી હરાવ્યું હતું. ૧૯૩૨માં ધ્યાનચંદના નેતૃત્વ હેઠળ ગોલ્ડ મળ્યો હતો, તો ૧૯૩૬માં પણ બર્લિન ઓલિમ્પિક્સમાં ભારતનો દબદબો જોવા મળ્યો હતો. તે વર્ષે ભારતે જર્મનીને ૮-૧થી હરાવ્યું હતું.

ભારતે આઝાદી મળ્યા પછી પહેલો ગોલ્ડ ૧૯૪૮માં હોકીમાં જ મેળવ્યો હતો, જે ઓલિમ્પિકમાં ભારતનો ઓવરઓલ ચોથો ગોલ્ડ હતો. તે વર્ષે ભારતે બ્રિટનને ૪-૦થી હરાવીને હોકીનો ગોલ્ડ જીત્યો હતો. ૧૯૫૨ના વર્ષને બલબીર મેજીક તરીકે ઓળખાય છે. હોલેન્ડમાં રમાઈ રહેલી ફાયનલ મેચ વખતે વરસાદના કારણે ગ્રાઉન્ડ ભીનું હતું. ખેલાડીઓ લપસી પડતા હતા. આ સ્થિતિમાં બલબીર સિંહે મેચ જીતાડી હતી અને હોલેન્ડને ૩-૧થી હરાવ્યું હતું. ભારતના કુલ ૧૩ ગોલમાંથી બલબીર સિનિયરના ૯ ગોલ હતા.

ભારતનો પાંચમો ગોલ્ડ પાકિસ્તાનને હરાવવાથી મળ્યો હતો. ૧૯૫૬માં મેલબોર્ન ખાતે ભારતે પાકિસ્તાનને તીવ્ર રસાકસીવાળી મેચમાં ૧-૦થી હરાવ્યું હતું. પાકિસ્તાને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડયો હતો. આ રીતે ભારતે હોકી ક્ષેત્રે સતત સર્વોપરીતા ઊભી કરી હતી. ભારતે હોકીમાં લાગલગાટ ૧૯૪૮, ૧૯૫૨ અને ૧૯૫૬માં ગોલ્ડ જીતી લઈને હેટ્રીક કરી હતી. ૧૬ વર્ષ બાદ મોસ્કો ખાતે સ્પેનને ૪-૩થી હરાવીને ભારતે ગોલ્ડ મેળવ્યો હતો.

૧૯૨૮થી ૧૯૫૦ દરમિયાન ભારતીય હોકીનો ઓલિમ્પિક્સમાં સિક્કો જામેલો હતો ત્યારે ભારતને હરાવવાની તાકાત કોઈ દેશની ટીમ પાસે નહોતી. ૧૯૬૦માં જોકે પાકિસ્તાને ભારતની હોકી ટીમનું ગોલ્ડન લક્ષ્ય સાકાર થવા દીધું નહોતું, પણ ભારતે ફરી પાછું ૧૯૬૪માં પોતાનું વર્ચસ્વ મેળવી લીધું હતું. ૧૯૬૪માં પાકિસ્તાનને ૧-૦થી હરાવીને ભારતે સાતમો ગોલ્ડમેડલ જીત્યો હતો. ત્યાર પછીની મેચમાં બે વાર બ્રોન્ઝ મેડલથી સંતોષ માનનાર ભારતની હોકી ટીમ બહુ હતાશ હતી, પરંતુ ૧૯૮૦માં મોસ્કો ઓલિમ્પિક્સમાં સ્પેનને ૪-૩થી હરાવીને ભારતે આઠમો ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

તે પછી લાંબા સમય સુધી ગોલ્ડનું સપનું જોવાતું રહ્યું. ૨૦૦૦થી ૨૦૦૪ દરમ્યાન ઓલિમ્પિકમાં સારો દેખાવ કરવા માટે સત્તાવાળાઓએ બહુ પ્રયાસ કર્યા હતા.

શૂટિંગ અને વેઈટ લિફ્ટિંગમાં ભારતે ૧-૧ મેડલ જીત્યો હતો, પરંતુ ગોલ્ડથી વંચિત રહેવું પડયું હતું. જોકે ૨૦૦૮માં શૂટર અભિનવ બિન્દ્રાએ વ્યક્તિગત સ્તરે ગોલ્ડ મેળવનાર પ્રથમ ભારતીય બનીને નવો ઈતિહાસ રચ્યો હતો. ત્યાર બાદ ૨૦૨૦માં ટોકિયો ખાતે ભાલાફેંકમાં નીરજ ચોપરાએ ગોલ્ડ મેળવ્યો હતો. તે વખતે ભારતે સૌ પ્રથમ વાર ઓલિમ્પિકમાં ટોકિયા ખાતે ભારતે સાત મેડલ મેળવ્યા હતા.

# કંબોડિયાના ભારતીય સાઈબર સ્લેવ હજારો ભારતીયોને ફસાવી દીધા છે

સાયબર ક્રાઈમ ક્ષેત્રે કંબોડિયા ટોપનો દેશ બની ગયો છે. ત્યાં વિઝીટર વિઝા પર આવતા લોકોને સાયબર ક્રાઈમ કરવા કોમ્પયુટર સિસ્ટમ પર બેસાડી દેવાય છે અને તેમનું શોષણ કરાય છે. આખું વિશ્વ કંબોડિયાના આ સાયબર ક્રાઈમ કરવાના બિઝેસને જાણે છે પરંતુ કોઈ પગલાં લઈ શકતું નથી કેમકે સાયબર ક્રાઈમ કંબોડિયાની સરકાર નથી કરતી પણ ત્યાં છુપાઈને બેઠેલા સાયબર ગુંડાઓ કરતા હોય છે.

કંબોડિયામાં સાયબર ક્રાઈમ કરતી ગેંગ બહુ મજબૂત છે અને ત્યાંના પોલીસ તંત્રના સહકારથી ગેંગ કામ કરતી હોય તોજ આ ગેંગ મનમાની કરીને ભારતીયોને ગુલામ તરીકે રાખીને તેમની પાસે ગેરકાયદે કામ કરાવ્યા કરે. કંબોડિયામાં સાયબર ક્રિમિનલોની ઓફિસમાં કામ કરતા લોકોને સાયબર સ્લેવ્સ(સાયબર ગુલામો) કહે છે.

ભારતને અંગ્રેજોના શાસન વખતની ગુલામી પ્રથાનો અનુભવ છે. હવેની પેઢીને ગુલામીની ખબર નથી પરંતુ કંબોડિયામાં તો સાયબર ક્રિમિનલ ચાબુક લઈને ફરતો હોય એવો ઘાટ છે. જે લોકો તેમના કહ્યા પ્રમાણેના ફોન કોલ ના કરે અને ગ્રાહકોને ના ફસાવે તો તેમને ભૂખ્યા રાખવામાં આવે છે. તેમને કંબોડિયાની પોલીસ વિવધ ગુનામાં ફસાવીને પાસપોર્ટ જપ્ત કરવાની ધમકી આપે છે.

કંબોડિયામાં નોકરીની લાલચ આપીને લોકોને ત્યાં લઈ જવાય છે. તેમાંય જો ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો જાણકાર હોય તો તેને વધુ પગારની લાલચ અપાય છે. ત્યાં ગયા પછી પ્રોમીસ પ્રમાણે પગાર પણ અપાય છે પરતું ત્યાં કામ સાયબર સ્લેવ તરીકે કરવાનું હોય છે એક અહેવાલ અનુસાર કંબોડિયામાં ૫૦૦૦ જેટલા ભારતીયો સાયબર ગેંગના હાથોમાં ફસાયેલા છે અને તેમની પાસે ગુલામોની જેમ કામ કરાવાય છે.

# ઈમરાન આઉટ નહિ થાય

પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકારે સંકેત આપ્યા છે કે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પર પ્રતિબંધ લાગી શકે છે. ઈમરાન ખાન પહેલેથી જ જેલમાં છે. તેમની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પર પહેલાથી જ ઘણા નિયંત્રણો લાદવામાં આવ્યા છે. આમ છતાં જો પાકિસ્તાન સરકાર આ નવી પહેલની વાત કરી રહી છે તો તેનો સ્પષ્ટ અર્થ છે કે ઈમરાન જેલની અંદરથી પણ પોતાના વિરોધીઓ માટે ખતરો છે. પાકિસ્તાની સેના સાથે વધતા મતભેદો વચ્ચે પોતાનું સ્થાન ગુમાવનાર ઈમરાન ખાનની લોકપ્રિયતા પાકિસ્તાની લોકોમાં છેલ્લી ચૂંટણીઓમાં સારી રીતે સ્થાપિત થઈ ગયું છે. ખુદ ઈમરાનને ચૂંટણી લડવાથી રોકવામાં આવ્યા હોવા છતાં અને પાર્ટીને ઉમેદવાર ઊભા રાખવાની પણ મંજૂરી ન હોવા છતાં, પીટીઆઈના લોકો મોટી સંખ્યામાં જીતીને નેશનલ એસેમ્બલીમાં પહોંચ્યા હતા. ઈમરાન અને તેમનો પક્ષ કોર્ટની લડાઈ પણ જોરદાર રીતે લડતો જોવા મળ્યો હતો. વિદેશી ફંડિંગ કેસમાં ઈમરાન ખાનની અંગત સંડોવણીના આરોપોને પુરાવાના અભાવે અદાલત દ્વારા ફગાવી દેવાયા હતા, એટલું જ નહીં, કેબલ કેસમાં ઓફિશિયલ સિક્રેટ એક્ટના ઉલ્લંઘનનો આરોપ પણ ઉચ્ચ અદાલતે રદ કર્યો હતો. આટલું જ નહીં, ગયા અઠવાડિયે સુપ્રીમ કોર્ટે પીટીઆઈને નેશનલ એસેમ્બલીમાં ૨૦ થી વધુ આરક્ષિત સીટો માટે લાયક જાહેર કરીને તેને સૌથી મોટી પાર્ટી બનાવી. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રની નિષ્ણાત સમિતિએ પણ આ મહિને તારણ કાઢયું હતું કે ઈમરાન ખાનની ધરપકડ માટે કોઈ નક્કર કાનૂની આધાર નથી અને એવું લાગે છે કે તેની પાછળ કોઈ રાજકીય હેતુ કામ કરી રહ્યો છે.

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન
વિવિધ ઈલેક્ટ્રિકલ કામ
ટેન્ડર આમંત્રિત કરતી નોટીસ
EL/50/1/17 (24-25) Dt.24-07-2024
ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રીકલ), પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝન નીચે જણાવેલા કામ માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો તરફ થી ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. અનું.નં.1: ટેન્ડર નં. BRC-EL-P-18-2339-24-25. કામનું નામઃ વડોદરા ડિવિઝનઃ વડોદરા ડિવિઝનના વિવિધ સ્ટેશનો/સ્થળો ખાતે સર્વિસ બિલ્ડીંગ્સ ઉપર રૂફટોપ સોલર પ્લાન્ટ્સની સ્થાપના કરવાનું કામ. અંદાજીત પડતર (રૂ.): ₹ 10,57,78,495.00, ઈએમડી (રૂ.): ₹ 6,78,900.00, અનું.નં.2: ટેન્ડર નં. BRC-EL-P-19-2338-24-25. કામનું નામઃ પ્રતાપનગર (કોચ કેર સેન્ટર) : પાવરકાર નં. LWRRM 178655 અને LWRRM 178691 માં પૂરા પાડવામાં આવેલ ક્રિબ્ઝ કોટન લિમિટેડ બનાવટના 500 KVA DA સેટ્સની નિર્ધારીત M-4 જાળવણી કરવાનું કામ. અંદાજીત પડતર (રૂ.): ₹ 71,07,869.00, ઈએમડી (રૂ.): ₹ 1,42,200.00, બંને ટેન્ડરો માટેઃ ટેન્ડર ફી (રૂ.): શૂન્ય, ઈ-ટેન્ડર બંધ કરવાની તારીખઃ તા.16-08-2024. વેબસાઈટ વિગતઃ www.ireps.gov.in ઓફિસનું સરનામુંઃ સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર (પાવર), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004.
BRC-137
અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન
સિગ્નલીંગ કામ
ઈ-ટેન્ડર નોટીસ નં. DRM-RJT-24-25-SnT-E-01R1, તા.22-07-2024. ટેન્ડર નં. DRM-RJT-24-25-SnT-E-01R1. તા.22-07-2024. કામનું નામઃ રાજકોટ ડિવિઝન :- DEN (W) રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ LC નં. 169, 174, 231, 254, 267 અને 272 ખાતે LHS/RUB ની જોગવાઈના સંબંધમાં સિગ્નલીંગ કામ. ટેન્ડર પડતરઃ ₹ 83,24,529.57/- (રૂા. ત્યાંસી લાખ ચોવીસ હજાર પાંચ સો ઓગણત્રીસ અને સત્તાવન પૈસા પૂરા) અર્નેસ્ટ મની ડિપોઝીટઃ ₹ 1,66,500/- (રૂા. એક લાખ છાંસઠ હજાર પાંચ સો પૂરા) ટેન્ડર ફોર્મ ફીઃ પેરા-3, GCC-જુલાઈ-2022 મુજબ ₹ 00.00 ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમયઃ તા.21-08-2024 ના 15:30 કલાક સુધી. ઓફીસનું સરનામુંઃ ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360 001. વેબસાઈટ- www.ireps.gov.in
RJT-066
અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે–અમદાવાદ
નવી લાઈનનું બાંધકામ
ઈ-ટેન્ડર નોટીસ નં. DYCEC2ADIBHNDHOLERA1 (બે પેકેટ). ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ)-II, પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કાર્ય માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. (1) કામનું નામ તેના સ્થળ સહિતઃ પશ્ચિમ રેલવેના ભાવનગરના (જમીનકામ, બ્લેન્કેટીંગ, સાઈડ ડ્રેઈન્સ, રિટેઈનીંગ વોલ, ટ્રોલી રેફ્યુજીસ, નાના/મોટા બ્રિજીસ, RUBs/LHS નું બાંધકામ, સંપૂર્ણ ટ્રેક (પાથરવાનું અને જોડવાનું) કામ, ટ્રેકનું ટેમ્પીંગ, LWRsની દબાણ મુક્તિ, P.way સામગ્રીનું પરિવહન, બલાસ્ટની આપૂર્તિ કરવાના અને જથ્થામાં રાખવાના અને અન્ય સિવિલ એન્જિનિયરીંગ કામ જેવા (સંપૂર્ણ કામ) આવરી લેતા તમામ સિવિલ એન્જિનિયરીંગ કામ, ભીમનાથ ખાતે Y કનેક્શન સહિત ચૈનેજ - 1084.342 m થી ચૈનેજ 0.00 m (ધોલેરા ADI:144.508 કિ.મી.) ભીમનાથ થી ચૈનેજ: 21510.869 m સુધી ધોલેરા લોજિસ્ટીક હબ સુધી નવી લાઈનનું બાંધકામ. (બે પેકેટ) (2) કામની અંદાજિત પડતરઃ ₹ 252,19,60,179.17/- (3) જમા કરાવવાની અર્નેસ્ટમનીઃ ₹ 100,00,000.00/- (4) ટેન્ડર ફોર્મ ફીઃ નિઃશુલ્ક (5) કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળોઃ 24 મહિના (ચોમાસા મહિના) ચોમાસા સહિત (6) બીડ જમા કરવાની તારીખ અને સમયઃ તા.17-08-2024 ના 11:00 કલાક (7) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય... વિગત જોઈ શકાશે અને ઓફિસનું સરનામુંઃ વેબસાઈટઃ www.ireps.gov.in ડેપ્યુ.ચીફ એન્જીનીયર (બાંધકામ)-II, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'C' વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, અસારવા, અમદાવાદ-382 345.
CPM-029
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

## SACHETA METALS LIMITED

CIN: L51100GJ1990PLC013784
Regd. Office : Block No. 33 Sacheta Udyog Nagar, Vill: Mahiyal, Tal: Talod, Dist: Sabarkantha, Gujarat 383215

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2024

(Rs. in Crores)

| SR. NO. | PARTICULARS | QUARTER ENDED | PRECEEDING QUARTER ENDED | CORRESPONDING QUARTER ENDED | CURRENT YEAR ENDED |
|---|---|---|---|---|---|
| | | 30.06.2024 | 31.03.2024 | 30.06.2023 | 31.03.2024 |
| | | Unaudited | Audited | Unaudited | Audited |
| 1 | Total Income from Operations | 16.84 | 17.23 | 19.57 | 75.30 |
| 2 | Profit/ (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items) | 0.48 | 1.19 | 0.44 | 2.64 |
| 3 | Profit/ (Loss) for the period before Tax (after Exceptional and/ or Extraordinary items) | 0.48 | 1.19 | 0.44 | 2.64 |
| 4 | Net Profit/(Loss) for the period after Tax (after Exceptional and/ or Extraordinary items) | 0.34 | 0.87 | 0.33 | 1.96 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 0.34 | 0.87 | 0.33 | 1.96 |
| 6 | Equity Share Capital | 25.00 | 25.00 | 19.13 | 25.00 |
| 7 | Reserves (excluding Revaluation Reserve as shown in the Balance sheet of previous year) | - | - | - | 25.23 |
| 8 | Earning Per Share (of Rs. 10/- each) (for continuing and discountinued operations) | | | | |
| | Basic : | 0.14 | 0.39 | 0.17 | 0.87 |
| | Diluted : | 0.14 | 0.39 | 0.17 | 0.87 |

Note
1 The above is an extract of unaudited financial results for the quarter ended 30th June, 2024. The financial results were reviewed and recomended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at its meeting held on 27th July 2024.
2 The Statement has been prepared in accordance with Indian Accounting Standards ('Ind AS') prescribed under section 133 of the Companies Act,2013 and in terms of Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (SEBI Regulations).
3 The Company operates in one segment i.e. manufacturing of alluminium products.
4 The limited review as required under Regulation 33 of the SEBI (LODR) Regulations 2015 has been completed by the auditors of the Company.
5 Previous period's figures have been regrouped wherever neccesary to confirm to the current period's classification.

For Sacheta Metals Ltd
Sd/-
Satishkumar K. Shah
Managing Director
DIN: 00237283

Place: Talod
Date: 27-07-2024